# સ્પેન વર્લ્ડ કપથી બહાર થનાર પ્રથમ ટીમ



રિયોડિ જેનેરિયો,તા.૧૯ વર્તમાન ચેમ્પિયન સ્પેન ફીફા વર્લ્ડ કપમાંથી બહાર થઈ જતા સૌથી મોટો અપસેટ સર્જાયો છે. વર્ષ ૨૦૧૦માં ચેમ્પિયન બનેલી સ્પેનની ટીમને આ વખતે પણ હોટફેવરીટ ટીમ પૈકીની એક તરીકે ગણવામાં આવી રહી હતી. પરંતુ પ્રથમ બન્ને મેચોમાં કારમી હાર થયા બાદ સ્પેન હવે બહાર થઈ ગયું છે. પ્રથમ રાઉન્ડામાં જ સ્પેન બહાર થતા તમામને આશ્ચર્ય પણ થયું છે. આજે રમાયેલી મેચમાં ચિલીએ વર્તમાન ચેમ્પિયન સ્પેનને એક તરફી મેચમાં ૨-૦થી હાર આપી હતી. ચિલી તરફથી ચાર્લ્સ અરંગુઈજ અને અડવર્ડો વર્ગોજ દ્વારા એક એક ગોલ કરવામાં આવ્યા હતા. ફુટબોલ વર્લ્ડ કપના ઈતિહાસમાં પાંચમી વખત આવુ બન્યું છે જ્યારે કોઈ વર્તમાન ટીમ પ્રથમ રાઉન્ડમાં જ આઉટ થઈ છે. વર્તમાન વર્લ્ડ કપમાં સ્પેનની સતત બીજી હાર હતી. પ્રથમ મેચમાં નેધરલેન્ડે ૫-૧થી કારમી હાર આપી હતી. જ્યારે ચિલીએ ૨-૦થી હાર આપી છે. સ્પેન વર્તમાન વર્લ્ડ કપમાં બહાર થનાર પ્રથમ ટીમ બની છે. અત્રે નોંધનીય છે કે ફીફા વર્લ્ડ કપાના ઈતિહાસમાં અગાઉ આવા પ્રસંગ ખુબ ઓછા રહ્યા છે જ્યારે પ્રથમ રાઉન્ડમાં જ વર્તમાન ચેમ્પિયન ટીમ બહાર થઈ હોત. આ આગાઉ ઈટાલી ૧૯૫૦, ૨૦૧૦, બ્રાઝિલ ૧૯૬૬ અને ફ્રાન્સ ૨૦૦૨માં પ્રથમ રાઉન્ડમાં જ બહાર થાયા હતા. સ્પેન હવે તેની છેલ્લી મેચ ઓસ્ટ્રેલિયા સામે રમશે. પરંતુ હવે તેની હાર જીતની કોઈ અસર આ સ્પર્ધામાં થસે નહી. સ્પેનનો દેખાવ એકદમ નબળો કેમ થયો છે તેને લઈને ચર્ચા શરૂ થઈ છે. સ્પેને તાજેતરના વર્ષોમાં વર્લ્ડ ફુટબોલમાં પ્રભુત્વ જમાવ્યું હતુ. તે ૨૦૧૦માં વર્લ્ડ કપ વિજેતા બની હતી. તે હાલમાં વિશ્વની નંબર વન ટીમ પણ છે. સ્પેને ૨૦૧૨માં યુરો કપમાં જીત મેળવી હતી. વર્ષ ૨૦૧૩માં કન્ફડરેશન કપમાં તે રનર્સ અપ રહી હતી. સ્પેનને આ વખતે પણ દાવેદાર ટીમો પૈકીની એક હતી. પરંતુ નેધરલેન્ડ અને ચિલી સામે હાર થયા બાદ તેના પડાકારનો અંત આવ્યો છે. ફીફા વર્લ્ડ કપને લઈને ફુટબોલ ક્રેઝ પહેલાથી જ ચરમસીમા પર છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાજિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઈન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે. જુન ૨૦૧૧માં ક્વાલિફિકેશન સ્પર્ધા શરૂ



થઈ હતી. જેમાં ૩૨ દેશોની રાષ્ટ્રીય ટીમો જોડાઈ હતી.સ્પેનની ટીમાના ખેલાડી ફીફા વર્લ્ડ કપામાં આ વખતે આત્મવશ્વાસમાં દેખાયા ન હતા. નેધરલેન્ડ સામે તેમની ૫-૧થી હાર થઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૦ના વર્લ્ડ કપ ફાઈનલામાં નેધરલેન્ડને સ્પેને હાર આપી હતી.

## યશવંતસિંહા જેલમાંથી અંતે બહાર : શાનદાર સ્વાગત થયું

રાંચી,તા. ૧૯

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન યશવંતસિંહા આજે ઝારખંડની જેલમાંથી આખરે બહાર આવી ગયા હતા. જામીન મળી ગયાના એક દિવસ બાદ યશવંતસિંહા બહાર આવ્યા હતા. ત્રીજી જુન બાદથી તેમની સાથે જેલમાં રહેલા પક્ષના ૫૫ કાર્યકરો પણ જેલની બહાર આવી ગયા હતા. હઝારીબાગ સેન્ટ્રલ જેલમાંથી તેમને છોડી મુકવામાં આવ્યા હતા. સિંહા જેલમાંથી બહાર આવ્યા બાદ તેમનું ભાજપના કાર્યકરો દ્વારા સ્વાગત કરાયું હતું. મંગળવારના દિવસે વરિષ્ઠ નેતા અડવાણી સિંહાને મળવા જેલમાં પહોંચ્યા હતા. રાજ્યમાં તેમના માટે મોટી ભુમિકાની શક્યતા નકારવામાં આવી રહી નથી. અડવાણીએ જામીન મેળવી લેવા તેમને અપીલ કરી હતી. યશવંતસિંહા ઝારખંડમાં આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા હતા. બીજી જુનના દિવસે સિંહાની ધરપકડ કરવામાં આવી હતી. તે વખતે તેઓ રાજ્યની વિજળી સ્થિતિ સામે જોરદાર દેખાવ કરી રહ્યા હતા.

ઈલેક્ટ્રીસીટી બોર્ડના અધિકારીઓને પુરી દેવામાં આવ્યા બાદ ભારે હોબાળો રહ્યો હતો. તેમને ત્રીજી જુનના દિવસે કોર્ટમાં ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓએ જામીન મેળવવાનો ઈન્કાર કર્યો હતો. જેથી તેમને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. સોમવારના દિવસે સિંહાની જ્યુડીશીયલ કસ્ટડી ૨૮મી જુન સુધી લંબાવી દેવામાં આવી હતી. યશવંતસિંહા હવે આગામી દિવસોમાં વધુ મોટી ભુમિકા અદા કરવા જઈ રહ્યા છે. તેમને કોઈ રાજ્યના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત ઝારખંડમાં વિધાનસભા ચુંટણી બાદ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે.

## ડુંગળીના ભાવ ઓક્ટોબર સુધીમાં કિલો દીઠ ૧૦૦ રૂપિયા સુધી પહોંચે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૯

મોંઘવારીને કાબુમાં લેવા નરેન્દ્ર મોદી સરકારે ખાતરી આપી હોવા છતાં મોંઘવારી બેકાબુ બની રહી છે. શાકભાજીના ભાવ રોકેટ ગતિથી વધી રહ્યા છે. વિશ્વસનીય સુત્રોથી પ્રાપ્ત અહેવાલ મુજબ ડુંગળીના ભાવ ઓક્ટોબર સુધીમાં કિલો દીઠ ૧૦૦ રૂપિયા સુધી પહોંચે તેવી શક્યતા છે. બટાકાની કિંમતમાં હાલમાં ઘટાડો થશે પરંતુ ફરી એકવાર તેમાં ટૂંકાગાળા બાદ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. હાલમાં ડુંગળીની છુટક કીંમત દેશના જુદા-જુદા ભાગોમાં પ્રતિ કિલો ૨૦થી ૩૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. પરંતુ આ ભાવ હજુ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મિનિમમ એક્સપોર્ટ પ્રાઈઝ (એમઈપી) લાગુ કરવામાં આવ્યો હોવા છતાં હાલત કફોડી બનેલી છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ડુંગળીના પાકને ભારે નુકશાન થયું છે. ખરાબ હવામાનના



કારણે તેને માઠી અસર થઈ છે. બીયાની તીવ્ર અછત, બીયાની કિંમતને લઈને ઉથલપાથલ, નબળા મોનસુન સહિતના પરિબળના લીધે ડુંગળીના ભાવમાં તીવ્ર વધારો થયો છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે, બિયાની કિંમતમાં અગાઉના વર્ષની સરખામણીમાં ૪૦૦ ટકાનો વધારો થઈ ચુક્યો છે. સિંચાઈ હેઠળના વિસ્તારમાં આનાથી ઘટાડો થશે. નામ જાહેર ન કરવાની શરતે ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અદિકારીઓનું કહેવું છે કે, ડુંગળીની કિંમત ઓક્ટોબરની આસ-પાસ કિલો દીઠ ૧૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. ડુંગળીની કિંમતમાં મોદી સરકારના સલાડના દિવસોને બગાડી શકે છે. અગ્રણી કારોબારીઓ અને સરકારી અધિકારીઓ પણ આ વાતને કબુલે છે.

ડુંગળીની જેમ જ પ્રતિકુળ હવામાનના લીધે બટાકાના ઉત્પાદન ઉપર પણ અસર થઈ છે. માંગ ખુબ ઉંચી છે ત્યારે ડુંગળીની નિકાસ વધુ સમસ્યા સર્જી શકે છે. પાકિસ્તાન જેવા દેશોમાં ડુંગળીની નિકાસ કરવામાં આવી છે. વેપારીઓનું કહેવું છે કે, વિદેશી સિકમેન્ટ ઉપર નિયંત્રણથી વધારે રાહત થશે નહીં. બટાકાની કિંમતમાં હાલમાં એકથી બે રૂપિયાનો ઘટાડો થઈ શકે છે. જોકે પુરવઠાની અછતના લીધે ટુંકા ગાળામાં ફરી વાર તેમાં વધારો થશે.

**ડાબેરીઓના સમર્થકો ભાજપમાં સામેલ થયા છે**

## બંગાળમાં ભાજપની સ્થિતી મજબુત : અન્ય પક્ષ ચિંતિત

કોલકત્તા,તા. ૧૯

પશ્ચિમ બંગાળમાં ત્રણ દશકથી પણ વધુ સમય સુધી સત્તામાં રહ્યા બાદ હવે ડાબેરી પક્ષોમાં રહેલા કાર્યકરોમાં નિરાશા દેખાઈ રહી છે. કેટલાક સમર્થકો અને નેતાઓ ડાબેરીઓ સાથે છેડો ફાડીને ભાજપમાં સામેલ થઇ રહ્યા છે. આગામી દિવસોમાં ભાજપની સ્થિતી પશ્ચિમ બંગાળમાં વદુ મજબુત બને તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ વધુને વધુ મજબુત બની રહ્યો છે. હવે ભાજપ બંગાળમાં પણ તૃણમૂળ કોંગ્રેસ અને ડાબેરીઓને પડકાર ફેંકે તેવી શક્યતા છે. સીપીએમ દ્વારા કબુલાત કરવામાં આવી છે કે લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ તેના કાર્યકરો પાર્ટી સાથે છેડો ફાડીને ભાજપમાં સામેલ થઇ રહ્યા છે. સીપીએમના નેતા અને ડાબેરી મોરચાના ચેરમેન બિમન બોસે કહ્યું છે કે ભાજપના લોકો તેમની પાર્ટીના લોકોને લાલચ આપીને તેમનામાં સામેલ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. ભાજપ તરફથી કેવા લાલચ આપવામાં આવી રહ્યા છે તે અંગે પુછવામાં આવતા બોસે કોઈ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ડાબેરી મોરચાની બેઠક બાદ બોસે પત્રકાર પરિષદામાં કહ્યું હતું કે બંગાળાના ભાજપના નેતા અમારી પાર્ટીના યુવા અને વિદ્યાર્થી નેતાને લાલચ આપી રહ્યા છે. ભાજપના નેતા સમાજાવી રહ્યા છે કે ડાબેરી મોરચાનુ હવે કોઈ ભવિષ્ય નથી. તૃણમૂળ કોંગ્રેસને પણ પડાકારરૂપ સ્થિતીનો સામનો કરવો પડી રહ્યો છે. ડાબેરી સમર્થકો પોતાની ઈચ્છાથી સામેલ થઈ રહ્યા નથી. ગઈકાલે યોજાયેલી ડાબેરી મોરચાની બેઠકમાં અન્ય પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૧માં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની સ્થિતી નબળી હતી. પરંતુ તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૧૬.૦૮ ટકા મત મળ્યા છે. આની સાથ જ તે તૃણમૂળના ૩૯.૩ ટકા અને સીપીએમના ૨૨.૭ ટકા મત બાદ ત્રીજા ક્રમાંકે છે. બાજપને બે બેઠકો પર જીત પણ મળી હતી. પરંતુ ૧૩ બેઠકો પર ૨૦ ટકા કરતા વધારે મત મળ્યા હતા. જાણકાર લોકો કહે છે કે ભાજપે તૃણમુલ કોંગ્રેસ-ડાબેરીમાં ગાબડા પાડ્યા છે.

## નેસ વાડિયા કેસ : પ્રીતિ આજે અમેરિકાથી પરત

મુંબઈ, તા.૧૯

પૂર્વ બોયફ્રેન્ડ નેસવાડિયા સાથે હાલ ખેંચતાણનો સામનો કરી રહેલી અભિનેત્રી અને આઈપીએલ ટીમ કિંગ્સ ઈલેવન પંજાબની સહમાલિક પ્રીતિ ઝિંટા આવતીકાલે અમેરિકાથી મુંબઈ પરત ફરી રહી છે. નેસ વાડિયા સામે પોતાની ફોજદારી ફરિયાદમાં નિવેદન નોંધાવવાના હેતુસર તે મુંબઈ પરત ફરી રહી છે.

પ્રીતિ ઝિંટાએ એવા અહેવાલને પણ રદિયો આપ્યો છે કે તે અમેરિકામાં સ્થાયી થઈ જશે. સાથે-સાથે પ્રીતિ ઝિંટાએ એમપણ કહ્યું છે કે, તે આઈપીએલમાં પોતાની હિસ્સેદારી વેચનાર નથી. નેસવાડિયા સામે





એફઆઈઆર દાખલ કર્યા બાદ પ્રીતિ ઝિંટા લોસ એન્જલસ જતી રહી હતી. હવે તે આવતીકાલે પરત ફરી રહી છે. નેસ વાડિયા આઈપીએલ ટીમ કિંગ્સ ઈલેવન પંજાબના પ્રીતિ ઝિંટાની સાથે સહમાલિક તરીકે છે. એફઆઈઆરમાં પ્રીતિ ઝિંટાએ કહ્યું હતું કે, નેસવાડિયાએ ૩૦મી મેના દિવસે શહેરમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે આઈપીએલની મેચ દરમિયાન તેની સાથે ખરાબ ભાષાનો ઉપયોગ કર્યો હતો. સાથે-સાથે તેની સાથે ખરાબ વર્તન પણ કર્યું હતું. એફઆઈઆર ૧૩મી જુનના દિવસે દાખલ કરાઈ હતી. પ્રીતિ ઝિંટા હોલીડે માટે અમેરિકા ગઈ હતી જ્યાં તેના સગાસંબંધીઓ રહે છે. પોલીસ વડા રાકેશ માલિયાએ કહ્યું છે કે, બુધવારના દિવસે અભિનેત્રી સાથે વાતચીત થઈ હતી અને સમગ્ર મામલે સહકાર આપવા કહેવામાં આવ્યું હતું. આ નિવેદન વધુ પોલીસ તપાસના આધાર ઉપર રહેશે. રાકેશ માલિયાનું કહેવું છે કે, પ્રીતિ ઝિંટાનું નિવેદન નોંધવામાં આવ્યા બાદ વધુ પગલા લેવામાં આવશે. પ્રીતિના વકીલ હિતેશ જૈને બુધવારે કહ્યું હતું કે, મીડિયાના ચોક્કસ વર્ગોમાં પ્રકાશિત અહેવાલો આધાર વગરના છે તે આઈપીએલમાં પોતાની હિસ્સેદારી વેચનાર નથી. અમેરિકામાં સ્થાયી થવાની પણ તેની કોઈ યોજના નથી. નેસ વાડિયા સાથે વર્ષો સુધી પ્રીતિ ઝિંટાના સંબંધો હતા પરંતુ થોડાક સમય પહેલા તેમના સંબંધોનો અંત આવ્યો હતો. પ્રીતિએ હાલમાં જ પોલીસ ફરિયાદ કરીને નેસવાડિયાની તકલીફોને વધારી હતી.

## બજેટ સત્ર બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાન પ્રવાસે

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બજેટ સત્ર બાદ જ જાપાનની મુલાકાત લેશે. આગામી મહિનાની મોદીની સુચિત જાપાનની મુલાકાતને હાલ મોકુફ કરી દેવામાં આવી છે. હવે બજેટ સત્ર બાદ જાપાની યાત્રા કરશે. બજેટ સત્રને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. બુધવારના દિવસે મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક મળી હતી. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંસદ સત્ર શરૂ કરવામાં આવ્યા આવ્યા બાદ સપ્તાહમાં જ બજેટ રજૂ કરવામાં આવનાર છે. બેઠકમાં જુલાઈના પ્રથમ સપ્તાહમાં સંસદ સત્ર બોલાવવાની ભલામણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.



વડાપ્રધાન અગાઉના કાર્યક્રમ મુજબ જુલાઈની શરૂઆતમાં જાપાનની મુલાકાત લેનાર હતા.પરંતુ હવે વ્યુહાત્મક, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને મજબુત બનાવવામાં આવશે. બજેટ સત્રને ધ્યાનમાં લઈને હવે જાપાન મોડેથી મુલાકાત લેશે. જાપાન વિદેશ યાત્રા પણ વધારે કરનાર છે. સંસદના બજેટ સત્ર દરમિયાન સામાન્ય બજેટ, રેલવે બજેટ રજૂ કરવામાં આવશે. જાપાનની યાત્રા ઉપરાંત મોદી બ્રીક દેશોની સમિટમાં હાજરી આપશે. મોદી ૧૫મી જુલાઈથી ૧૭મી જુલાઈ દરમિયાન બ્રીક સમિટમાં ભાગ લેશે. અત્રે નોંધનીય છે કે મોદી વડાપ્રધાન તરીકે હાલમાં ભુટાનની યાત્રા કરી ચુક્યા છે. ભુટાનની ઐતિહાસિક યાત્રા દરમિયાન તેઓએ વિવિધ મુદ્દે વાત કરી હતી. ભુટાનના સંસદ સત્રને મોદીએ ઐતિહાસિક સંબોદન પણ કર્યું હતુ. જાપાનની સાથે મોદીના પહેલાથી મજબુત સબંધ રહ્યા છે. મોદી ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે પણ જાપાન સાથે સારા સંબંધ હતા.ગુજરાતમાં જાપાનની અનેક કંપનીઓ પહેલાથી જ સક્રિય થયેલી છે.

## સમાચાર ઝલક

- દારૂની નકલી પરમીટવાળાઓ સકંજામાં આવશે. ગુનો નોંધાશે. સૌરાષ્ટ્રમાં અસંખ્ય બનાવો.
- પૂર્વ મંત્રીશ્રી પુરૂષોત્તમભાઈ સોલંકીના જમાઈની હત્યાના ફરિયાદીની જાહેરમાં હત્યા કરાઈ.
- જૈન સમાજમાં રેકોર્ડ : એક સાથે ૨૦ મુમુક્ષુ ૨૦ જુને સંયમ માર્ગ સ્વીકારશે.
- ભારત સહિત ચીન, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, ફિલીપાઈન્સ, વિયેટનામમાં બર્ડ ફ્લુનો ભય.
- ઈરાકના જન સંહારથી વિશ્વના નેતાઓ સ્તબ્ધ.
- રિલાયન્સ આગામી વર્ષોમાં ૧.૮ લાખ કરોડનું રોકાણ કરશે.
- રાષ્ટ્રીય માર્ગોને ટોલ પ્લાઝા મુક્ત બનાવવાની યોજના.
- ઈજનેરી પ્રવેશ પ્રક્રિયા વિલંબમાં પ્રોવીઝનલ મેરીટ જાહેર ન થયું.
- અમદાવાદમાં સેકન્ડ હેન્ડ કારનું મોટું બજાર ૧ થી ૩ લાખ સેગમેન્ટમાં મોટી માંગ.
- અમરનાથ યાત્રાને સરળતા પુરી કરવા કાશ્મીરના ગર્વનરે કમર કસી.
- ચાના ઉત્પાદનમાં જંગી ઘટાડો. કિલો દીઠ રૂ. ૨૦ થી ૫૦નો ભાવ વધારો થશે.
- સરકારી પગલાંથી દેશભરમાં ડુંગળી-બટાકાના ભાવમાં ઘટાડો નોંધાયો.
- આઈ.પી.એલ.ના સટ્ટાથી હીરાબજારને ભારે અસર ૯ વેપારીઓ ૨૫ કરોડમાં ઉઠી ગયા. ૬૦૦ કરોડ ગુમાવ્યાનો અંદાજ.
- ગુજરાતના શ્રેષ્ઠી અને અમદાવાદ એજયુકેશન સોસાયટીના વરિષ્ઠ શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ શેઠનું અવસાન.
- હવે કેરીમાં પણ ગોલમાલ. બોક્ષ ઉપર નામ અલગ અંદરની કેરીનો માલ અલગ જગ્યાનો.
- ટવીટર પર શાહરૂખખાનના ૮૦ લાખથી વધુ ચાહકો.
- પાસપોર્ટ મેળવવા રાહ જોવી પડશે. બુકલેટની દેશભરમાં તંગી.
- તાલીબાને પાકિસ્તાનને ધમકી આપી કે ઈસ્લામાબાદ-લાહોર સળાવીશું.
- રાજકોટમાં કેરીનો રસ પીવાની અનોખી સ્પર્ધા યોજાઈ.

**માલગાડી-હાઇ સ્પીડ ટ્રેન માળખાને મજબુત કરાશે**

## મોદી સરકાર રેલવેમાં ૧૦૦ ટકા એફડીઆઈ માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૧૯

નરેન્દ્ર મોદી સરકારે ભારતીય રેલવે અને ખાસ કરીને માલગાડી અને હાઇ સ્પીડ ટ્રેનોાના ઇન્ફ્રાસ્ટક્ચરને મજબુત કરવા માટે કામગીરી શરૂ કરી દીધી છે. આ માળખાને મજબુત કરવા માટે સરકાર પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ)ને મંજૂરી આપવાની તૈયારી કરી રહી છે. રેલવેમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજૂરી આપવાના પ્રશ્ને અંતિમ વાતચીત ચાલી રહી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા રેલવેના કેટલાક હિસ્સામાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજૂરી આપવાાના મામલે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ અગાઉ રેલવેના કેટલાક હિસ્સા જેમ કે હાઇ સ્પીડ ટ્રેન, માલગાડી માટે જાહેર-ખાનગી ભાગીદારી મારફતે બની રહેલા ખાસ કોરિડોર અને શહેરી તેમજ અર્ધ સહેરી ક્ષેત્રોમાં રેલ નેટવર્કમાં આની મંજૂરીની યોજના હતી. હાલમાં માસ રેપિડ સિસ્ટમને બાદ કરીને કોઇ પણ ક્ષેત્રમાં એફડીઆઇને મંજૂરી આપવામાં આવી નથી. સુત્રોએ કહ્યું છે કે આના માટે એક મુસદ્દો તૈયાર કરી લેવામાં આવ્યો છે. આને રેલવે સહિત બીજા મંત્રાલય સાથે ચર્ચા કરવામાં આવ્યા બાદ એક વિધિવત દરખાસ્ત તૈયાર કરવામાં આવનાર છે. હાઇ સ્પીડ ટ્રેન અને વિશેષ કોરિડોર બાજપ સરકારની ખાસ પ્રાથમિકતામાં સામેલ છે. રેલવેના માળખાને વધુ યોગ્ય અને આદર્શ બનાવવાની વાતનો રાષ્ટ્રપતિના ભાષણમાં પણ ઉલ્લેખ હતો. એક મુલાકાતમાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન નિર્મલા સીતારામને કહ્યું છે કે રેલવેને રોકાણની તાકીદની જરૂર છે. રેલવેને વધુ વિસ્તૃત બાનાવવા , યાત્રીઓની સુવિધાને વધારવા અને આધુનિક બનાવવા માટે જંગી નાણાંની જરૂર છે. ડિફેન્સ બાદ રેલવે એવા બીજા ક્ષેત્ર તરીકે છે જેમાં મોદી સરકાર ૧૦૦ ટકા એફડીઆઇની વાત કરી રહી છે. રેલવે પ્રધાન સદાનંદ ગૌડા કહી ચુક્યા છે કે રેલવેના આધુનિકીકરણ માટે પાંચ ાલાખ કરોડ રૂપિયાની જરૂર છે. આનો મોટો હિસ્સો ખાનગી સેક્ટરામાંથી આવનાર છે.

**ધ કોફી હાઉસ** (પાના નં. ૪ નું ચાલુ)

આવી જ કઈક નોસ્ટાલ્જિક વાત સૌમ્યા જોશીની એક કવિતામાં પણ વાંચવા મળી... વાંચીને તરવા જેવીને પછી આખે આખી ડૂબી જવા જેવી કવિતા...

મારા સ્વપ્નમાં આવતી
મારા ગામની એ નદી
વારંવાર મને પૂછે છે
તને મન નથી થતું,
મારી પાસે આવવાનું?
પગ ઝબોળીને બેસવાનું?
મને ખબર છે -
હવે તું સમંદરની પાસે રહે છે.
પણ સાચું કહેજે,
એ તને બેસવા દે છે એની પાસે?

- સૌમ્યા જોશી

ગામ અને શહેર નો આ પેરાડોક્સ નદી અને સમન્દરના દ્વન્દ માં પણ જોવા મળે છે... ભાગતી લોકલ અને બંદ પડેલી ઘડિયાળ... ભૂખ પણ ટીફીનના ડબ્બા માં સમાય એટલી જ લગાડવાનો છૂટ હોય એવા શહેર માં આવી કવિતા લખાય...

અને એવું જ યાદોનું કોઈક શહેરઆપણા સૌની ભીતર વસે છે, જેના અવાઝ બહાર નું આખું શહેર સુઈ જાય પછી જ સંભળાય છે! કદાચ એવો જ કોઈ અવાજ જ છે જેને લીધે ફેસબુક ની દીવાલ પર સુરેશ લાલણે નીચે ની બે લીટીઓ લખી ...

સફેદ મેઘધનુષ્ય અને રંગીન અંધારું!
તારા વિશે હું કેટલું કેટલું વિચારું??

- સુરેશ લાલણ

ફેસબુક પર એક આખી દુનિયા ધગધગે છે, ઝગમગે છે, તગતગે છે... અહિયા વિનોદીથી માંડી વાહિયાત વાતો કરતા અજબ ગજબ સાચા ખોટા લોકો ના ટોળા જોવા મળે છે... મજા પણ છે...એવા સુગર કોટેડ ટોળાઓની...! કેમ કે તેમના લીધે જ આપણો સમાજ રસ-દ, વધુ રસ-દ બનતો જાય છે!

છેલ્લે....એક ફેસબુક પેજ પર વાંચેલુ અફલાતૂન સ્ટેટ્સ

'મને મારા ડાબા પગનું મોજું નથી મળતું અને લોકો પોતાના લાઈફ પાર્ટનર શોધી કાઢે છે...'

બસ તો હસ્તે રહીએ અને અગલે શુક્રવાર તક સાયોનારા... કીપ સર્ફિંગ !

**વર્તમાન રાજનિતીમાં સોશીયલ મીડીયાનું મહત્વ**

(અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

સોશીયલ મીડિયા ઝડપથી તેના વિવિધ સ્વરૂપમાં સક્રિયતા માટે એક મહત્ત્વના મંચ તરીકે ઊભરી આવ્યું છે ત્યારે ફેસબુક, ટ્વીટર, વોટ્સ અપ, યુટયુબ વિ. માધ્યમની ચુંટણી પ્રચારમાં અગત્યની ભૂમિકા રહી છે. સંભવિત મતદારોને રાજકીય વ્યક્તિની નજીક લાવવા તથા રાજકીય વ્યક્તિને મતદારની નજીક લઇ જવા માટે આ ક્ષેત્ર ખુબ જ ઉપયોગી પુરવાર થયું છે. તથા લોકોની આકાંક્ષા, અપેક્ષા અને જે તે પ્રવૃત્તિ સંદર્ભે સામાન્ય માનવીના ભાવ-પ્રતિભાવ મેળવવાની પણ અસરકારક કામગીરી કરી શકાય છે. (દા.ત. ચુંટણી ઢંઢેરો બહાર પાડતા પહેલા ભાજપ દ્વારા મેળવેલ લોક પ્રતિભાવ)

યુવાનોના રસપ્રદ કહી શકાય તેવા આ ક્ષેત્રનો ઉપયોગ દિન પ્રતિદિન વધી રહ્યો છે જે જોતા સોશિયલ મીડિયાના ક્ષેત્રે પણ ભવિષ્યમાં ઘણી જ તકો રહેલી છે. ત્યારે વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ તરત જ પક્ષના નેતાઓ અને મંત્રીશ્રીઓ તેમજ તમામ સંસદ સભ્યોને આ ક્ષેત્રે પ્રવૃત્ત રહેવા પર ભાર મુક્યો હતો. માહિતી પહોંચાડવામાં ઝડપી, વપરાશ કરવામાં સરળ એવા આ માધ્યમથી લોકો સુધી સાચી, સારી અને સ્પષ્ટ માહિતી આપવામાં સરળતા રહે છે. આવનારા સમયમાં હું સહુ કોઇ આ માધ્યમો દ્વારા અનેક સમાજ ઉપયોગી માહિતી, તાજેતરમાં બનેલી ઘટના, દિનવિશેષ વિગત વિ. પ્રકારની વાત લોકો સુધી પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પહોંચાડવા દરેક વાચક પ્રતિબદ્ધ બને એ જ સાચી દિશા તરફનું પ્રયાણ કરી શકા.